મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૫ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગર સમાચાર

પદ્માવતીના વિરોધમાં ગામડાઓમાં રાજકીય પક્ષોને પ્રવેશબંધી

ગાંધીનગર, તા.૧૮

સંજય લીલા ભણસાલીની ઐતિહાસિક ફિલ્મ અંગે વિવાદો દિન પ્રતિદિન વધી રહ્યા છે. ફિલ્મ પદ્માવતી ઈતિહાસ સાથે ચેડા કરીને તોડી મરોડીને તૈયાર કરવામાં આવી છે તેવો આક્ષેપ રાજસ્થાનની કરણી સેના લગાવી રહી છે. સમગ્ર ભારતભરમાં આ ફિલ્મનો રાજપૂત સમાજ અને વિવિધ સંગઠનો દ્વારા વિરોધ થઈ રહ્યો છે.ફિલ્મ રીલીઝ અટકાવવા માટે ઠેરઠેર કરણી સેના દ્વારા સભાઓ અને આંદોલન થઈ રહ્યા છે. ગાંધીનગર શહેરમાં પણ પદ્માવતી ફિલ્મના વિરોધમાં ભારતભરમાંથી હજ્જારો રાજપૂત યુવાનો એકઠા થઈ એકતા દર્શાવી હતી.ત્યારે ગાંધીનગર જિલ્લાના રાજપૂત સમાજથી પ્રભાવિત ગામડાઓમાં હવે બેનર લાગ્યા છે જેમાં પદ્માવતી ફિલ્મ અંગે ઉકેલ ન આવે ત્યાં સુધી કોઈપણ રાજકીય પક્ષોના આગેવાનોને ચુંટણીલક્ષી પ્રચાર કે વોટ માંગવા ગામમાં પ્રવેશ કરવો નહીં તેવું લખાણ લખેલા બેનર ઠેરઠેર જોવા મળી રહ્યા છે.

સમગ્ર રાજપૂત સમાજ દ્વારા ભારતભરમાં ફિલ્મ પદ્માવતી રિલીઝ ના થાય તે માટેની તડામાર તૈયારીઓ કરી દીધી છે. પદ્માવતી ફિલ્મનો વિરોધ હવે શહેર-નગરમાંથી બહાર વધીને ગામડાઓ સુધી પહોંચ્યો છે. ત્યારે રાજપૂત સમાજથી પ્રભાવિત ગ્રામ્ય વિસ્તારમાં ફિલ્મનો વિરોધ કરતા પોસ્ટર લાગ્યા છે.ગાંધીનગર જિલ્લામાં રાજપૂત સમાજની જનસંખ્યા મોટાપ્રમાણમાં છે. ત્યારે ગામડામાં લાગેલા બેનરમાં સ્પષ્ટ લખાણ છે કે ફિલ્મ પદ્માવતીના પ્રશ્ન અંગે કોઈ ઉકેલ ન આવે ત્યાં સુધી કોઈ પણ પક્ષના આગેવાનોએ ચુંટણી પ્રચાર કે વોટ માંગવા માટે ગામમાં આવવું નહી. હવે આ ફિલ્મને લઈ નાગરીકોમાં નારાજગી વધતી જાય છે ત્યારે રાજકીય પક્ષો માટે ગામમાં નો એન્ટ્રી થતા આગેવાનો પણ ચિંતામાં મુકાઈ ગયા છે. તો બીજી તરફ રાજસ્થાનની કરણીસેના દ્વારા ૧ ડિસેમ્બરના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે.

વાતવાતમાં

● હાર્દિક પટેલે માણસા પહોંચતા પહેલા વાસણીયા મહાદેવ ખાતે ૨૦ મિનિટ પૂજા કરી હતી. આ પ્રસંગે વાસણ ગામના સરપંચ વિજયસિંહ વાઘેલા, જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અજિતસિંહ વાઘેલા તથા મનુભા વાઘેલા, દર્શનસિંહ વાઘેલા સહિતના અગ્રણીઓએ હાર્દિકનું સ્વાગત કર્યું હતું.

● વાઈબ્રન્ટ સિરામિક સમિટમાં સતત ત્રીજા દિવસે મુલાકાતીઓનો ધસારો રહ્યો હતો જેના કારણે પાર્કિંગની સમસ્યા વકરતા ટ્રાફિક પોલિસે વાહન ટોઈંગ કરવા સહિતના પગલાં ભરવા પડયા હતા. વળી મુલાકાતીઓ તેમનાં વાહન પાર્ક ના કરી દે તે હેતુથી પોઈન્ટની બસોના બસ સ્ટેન્ડ ફરતે પણ રિબીન બાંધવાની ફરજ પડી હતી.

ફિલ્મ જોયા વિના તેનો વિરોધ અયોગ્ય : કિતિ સેનન

વાઈબ્રન્ટ સિરામિક એકસ્પોમાં બોલીવુડ અભિનેત્રી કિતિ સેનન ઉપસ્થિત રહી ગુજરાતની સિરામિક ઈન્ડસ્ટ્રીઝ અને એકસ્પોના વખાણ કર્યા

ગાંધીનગર, તા.૧૮

'કોઈએ પણ ફિલ્મ જોયા વિના તેનો વિરોધ કરવો જોઈએ નહી. પદ્માવતી ફિલ્મના સર્જક અગાઉ પણ ઘણી ફિલ્મોનું નિર્માણ કરી ચુકયા છે તેમાં કંઈ જ વાંધાજનક નહોતું.' આ કેફિયત રજૂ કરી હતી ગાંધીનગર વાઈબ્રન્ટ સિરામિક એકસ્પો ખાતે પધારેલી બોલીવુડ અભિનેત્રી કિતિ સેનનો. વાઈબ્રન્ટ સિરામિક એકસ્પોમાં આ ઓએસિસ સિરામિકની બ્રાન્ડ એમ્બેસેડર હોવાને નાતે કિતિ સેનને આજે મુલાકાત લીધી હતી જેમાં તેમણે ગુજરાતની સિરામિક ઈન્ડસ્ટ્રીઝના ભરપૂર વખાણ કર્યા હતા.

ઓએસિસા સિરામિક પાસે વેલ્યુ પ્રોડકટસ હોવાનો દાવો કરતા કિતિ સેનને જણાવ્યું હતું કે ગુજરાતની સિરામિક ઈન્ડસ્ટ્રીઝ ખૂબ પ્રસંશનીય રીતે વિકાસ પામીરહી છે. કિતિ સેનનો ગુજરાતી ભોજનના વખાણ કર્યા હતા અને ગુજરાતીઓને દરેક ક્ષેત્રમાં અગ્રેસર ગણાવવા સાથે માયાળુ અને કો-ઓપરેટીવ ગણાવ્યા હતા. કિતિ સેનને વાઈબ્રન્ટ સિરામિક એકસ્પોના આયોજન અને તેની વ્યવસ્થાના પણ ભરપૂર વખાણ કર્યા હતા. કિતિ સેનને જોવા માટે તેના ફેન્સે ધસારો કર્યો હતો અને જયારે કિતિએ હાથ ઉંચો કરી પ્રસંશકોનું અભિવાદન કર્યું ત્યારે ફેન્સે ચિચિયારીઓ પાડી ખુશી વ્યકત કરી હતી.

સે-૨૦ છાપરા પાસે બાઈક સ્લીપ થતા બોરીજના યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર પાસે આવેલા બોરીજ ગામમાં રહેતો યુવાન આજે સવારે આઠેક વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈને અક્ષરધામ સર્કલથી સે-૨૧ સર્કલ તરફ જઈ રહ્યો હતો ત્યારે સે-૨૦ના છાપરા પાસે અચાનક તેનું બાઈક સ્લીપ થઈ ગયું હતું અને થાંભલે જઈને ટકરાયું હતું. આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થતા યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલિસે ગુનો નોંધી આ ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ બોરીજ ગામમાં રહેતો યુવાન યશવંત ઉર્ફે ગોલુ આજે સવારે આઠ વાગ્યે તેનું બાઈક નં. જીજે ૧૮ પી ૩૧૯૦ લઈને નીકળ્યો હતો. ઘરેથી બહાર નીકળી અક્ષરધામ સર્કલથી સે-૨૧ સર્કલ તરફ તે બાઈક પર પસાર થઈ રહ્યો હતો ત્યારે અક્ષરધામ પાસે સે-૨૦ના છાપરાની સામેના રસ્તે અચાનક તેનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. બાઈક સ્લીપ થઈ જતા ફંગોળાઈને યશવંત બાઈક સાથે એક થાંભલે ટકરાઈ ગયો હતો આ ઘટનામાં યશવંત ખુબ જ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને સ્થળ પર જ તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ઘટના અંગે સે-૨૧ પોલિસને જાણ થતા પોલિસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટીબી જાગૃતિ માટે ટીંટોડાના બાળકોની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના ટીંટોડા ગામની પ્રાથમિક શાળામાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી જાગૃતિ અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને ક્ષયરોગ અંગે તલસ્પર્શી માહિતી પ્રદાન કરવામાં આવી હતી અને વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં ટીંટોડાની પ્રાથમિક શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ પોતાના વકતવ્યો રજૂ કર્યા હતા. જેમાંથી પ્રથમ ત્રણ બાળકોને વિજેતા જાહેર કરાયા હતા. જિલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારીઓ દ્વારા બાળકોને ટીબી રોગના લક્ષણો, નિદાન, સારવાર વગેરે અંગે સંપૂર્ણ માહિતી પ્રદાન કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બાળકોએ મારું ટીંટોડા ગામ, ટીબી મુકત ગામ, આપણો જિલ્લો, ટીબી મુકત જિલ્લો અને આપણું ગુજરાત, ટીબી મુકત ગુજરાત જેવા સુત્રો પોકાર્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના કેયુર જયસ્વાલ, આનંદ પટેલ તથા ટીંટોડા ગામના એમપીએચ ડબલ્યુ ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળીનો હપ્તો ઉઘરાવવા પોલિસ લારી-ગલ્લાઓ ઉપર પહોંચી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૬ અને સે-૭ વિસ્તારના નાના વેપારીઓ કે જે લારી ગલ્લાઓ ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે તેમની પાસે પોલિસે દિવાળીના હપ્તાના નામે ઉઘરાણા શરુ કરતા નાના વેપારીઓમાં રોષ ભભુકયો છે. ગઈ કાલે સે-૭ પોલિસ સ્ટેશનના વહીવટદાર બપોરથી ઉઘરાણીએ નિકળ્યા હતા અને રૂપિયા નહી આપે તો તેના લારી ગલ્લા ઉઠાવી લેવડાવી કેશ કરીને ધંધો બંધ કરાવી દેવાની ધમકીઓ આપી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

શ્રી જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે તાજેતરમાં બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ધો-૧ થી ૮ ના બાળકોએ વિવિધ નેતાઓની વેશભુષા કરી હતી. જેમાં જવાહરલાલ નહેરૂ, મહાત્મા ગાંધીજી, ઈન્દિરા ગાંધી, ઝાંસીની રાણી, લાલ બહાદુર શાસ્ત્રીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં બાળકોએ નેતાઓના ડ્રેસ અને તેમના સુત્રો સાથે પ્રદર્શન કર્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા ચૌધરી રમીલાબેન અને ચૌધરી મણીબેને ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ ચૌધરી ઈજુ બહેને કરી હતી.

કુડાસણ પાસે ઈનોવા ચાલકના બેફામ ડ્રાઈવીંગથી પાંચ ગાડીઓ અથડાઈ

ઈનોવા ચાલક નશામાં ચુર હોવાની ચર્ચા : ઈન્ફોસીટી પોલીસે જોડે રહીને પતાવટ કરી હોવાના આક્ષેપ

ગાંધીનગર, તા.૧૮

ન્યુ ગાંધીનગરમાં કુડાસણ ખાતે સર્વિસ રોડ પરથી બેફામ ડ્રાઈવીંગ કરતા નીકળેલા ઈનોવા કારના ચાલકે પાર્કીંગમાં પડેલી ગાડીને ટકકર મારતા લાઈનસર પાંચ ગાડી અથડાઈ જવા પામી હતી. ઈનોવા ચાલક બહાર નીકળ્યો તો ચિક્કાર દારૂ પીધેલો હોય તેમ લાગી રહ્યું હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે. ઈનોવાચાલકને જેલ ભેગો કરવા સ્થાનિકોએ પોલિસ બોલાવી પણ પોલિસ તેને પોલિસ સ્ટેશન લઈ જવાને બદલે અન્ય કોઈ સ્થળે લઈ ગઈ હતી અને સાથે રહીને પતાવટ કરી સમાધાન કરાવી દીધું હતું. તે ઉપરાંત આ શખ્સનો આલ્કોહોલ ટેસ્ટ પણ ન કરાવી પોલિસે અનેક શંકાઓ ઉભી કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે બપોરના અરસામાં કુડાસણ ખાતે સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ પાસે સર્વિસરોડ ઉપર ઉપરોકત ઘટના બની હતી. સર્વિસ રોડની બાજુમાં પાંચેક વાહનો લાઈનસર પાર્ક થયેલા પડયા હતા ત્યારે સામેથી બેફામ ડ્રાઈવીંગ કરતો ઈનોવા ચાલક આવ્યો અને ધડાકાભેર એક વાહનમાં ઘુસી જતા પાંચેય વાહનો અથડાતા ઘર્ષણ થયું હતું. સ્થાનિકોએ ઈનોવા ચાલકને ઉતાર્યો તો લથડીયા ખાતો હતો અને ચિક્કાર દારૂ ઢીંચેલો હતો તેવું સ્થાનિકોનું કહેવું છે. આ શખ્સને પકડાવી દેવા પોલિસ બોલાવી એટલે પોલિસ સ્થળ પર આવીને તેને લઈ ગઈ. પણ પોલિસ સ્ટેશન લઈ જવાને બદલે અન્ય કોઈ સ્થળે લઈ જઈને સમાધાન કરાવી વહીવટ કરી લીધો હવાની ચર્ચાએ જોર પકડયું છે તો બીજી તરફ આ ચાલકનો આલ્કોહોલ ટેસ્ટ પણ પોલિસે ન કરાવતા 'તોડ'ની શંકા પ્રબળ બની છે.

સિરામિક ટાઈલ્સ પર સંગીતની ચિત્ર લિપિ થકી ઐતિહાસિક વારસો

ગાંધીનગરના વરિષ્ઠ સંગીતકાર એસ.વી. વડનેરકરે વિકસાવેલ વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત સંગીતની ચિત્રલિપિ સિરામિક ઉદ્યોગને નવી દિશા ચિંધવા સક્ષમ : ગુજરાતી ગરબાથી માંડીને ભારતીય સંગીતને સમાજ સમક્ષ સ્થાપિત કરી અમર કરી શકાય તેમ છે

ગાંધીનગર, તા.૧૮

હાલ ગાંધીનગરમાં યોજાયેલ વાઈબ્રન્ટ સિરામિક એકસ્પો એન્ડ સમિટ ૨૦૧૭ એ વિશ્વનું સિરામિક ઈન્ડસ્ટ્રીઝનું સૌથી મોટું પ્રદર્શન હોવાનો દાવો કરાઈ રહ્યો છે. આ એકસ્પોમાં દેશ વિદેશની કંપનીઓએ તેમની અલગ અલગ થીમ આધારિત સિરામિક પ્રોડકટસ પ્રસ્તુત કરી છે. આ પ્રસંગે ગાંધીનગરના ૮૨ વર્ષીય વરિષ્ઠ સંગીતકાર શ્રી હરિ વામનરાવ વડનેરકરે ઉર્ફે એસ.વી. વડનેરકરે તેમણે વિકસાવેલ સંગીતની ચિત્ર લિપિને જો સિરામિક ટાઈલ્સની ડિઝાઈનમાં સમાવી લેવાય તો ભારતીય સંગીતના અત્યંત સમૃધ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સમાજ સમક્ષ સ્થાપિત કરવા સાથે તેને વધુ સમૃધ્ધ બનાવી શકાશે તેવો આશાવાદ વ્યકત કર્યો છે.

સંગીત એ માનવજીવનનું અભિન્ન અંગ છે અને વિશ્વભરમાં સંગીતના સ્વરૂપોમાં ભારે વૈવિધ્ય જોવા મળે છે પરંતુ તેના મૂળ સૂરો આખા વિશ્વમાં એક સરખા જ છે. આ કારણે વિવિધતામાં પણ એકતાનો સંદેશ આપતુ સંગીત જ એકમાત્ર સનાતન સત્ય છે તેવું દૃઢ પણે માનતા એસ.વી. વડનેરકર કહે છે કે સંગીતમાં વિશ્વમાં પ્રવર્તી રહેલ તમામ ધાર્મિક મતભેદો મિટાવવાની તાકાત છે. એસ.વી. વડનેરકરે વિકસાવેલ સંગીતની ચિત્ર લિપિથી કોઈ પણ ભાષાના સંગીતને તે ભાષા ના આવડતી હોવા છતાં સરળતાથી ઉકેલી શકાય છે. ઉદાહરણ તરીકે ભારતીય અને પાશ્ચાત્ય સંગીત અલગ અલગ છે. અન્ય ભાષા કે સંસ્કૃતિનું સંગીત શીખવું કે સમજવું એ કપરું કાર્ય છે કારણ કે વેસ્ટર્ન સંગીત વગાડવા વેસ્ટર્ન નોટેશન્સ ઉકેલવા પડે પરંતુ એસ.વી. વડનેરકરે પોતે વ્યવસાયે આર્કિટેકટ રહી ચુકયા હોવાથી તે આવડતને સંગીતના સંગમ સાથે 'મ્યુઝોગ્રાફી સીસ્ટમ' નામની ચિત્ર લિપિ વિકસાવી છે. આ લિપિમાં આડી ઉભી લાઈનોમાં નાના-મોટા ચોરસ ખાનાઓ દોરી તેમાં ઉભી લાઈન પર સાત શુધ્ધ સ્વર અને ચાર કોમળ સ્વર તથા આડી લાઈનમાં તાલની માત્રાઓને મુકી સ્વરની તિવ્રતા મુજબ રંગ અને ખાનાનો વિસ્તાર આવરી લેવામાં આવે છે. તેમની આ લિપિના કારણે કોઈ પણ ભાષાના સંગીતને શીખવું સરળ બની ગયું છે. એટલું જ નહી પરંતુ બે અલગ અલગ સંગીતકારના એક જ રાગ આધારિત સર્જનાત્મકતા મુજબ સર્જાતા તફાવતને પણ સરળતાથી રજૂ કરી શકાય છે તેમણે ભારત સહિત વિશ્વભરના ખ્યાતનામ સંગીકારોની રચનાને આ ચિત્રલિપિ સ્વરૂપે રજુ કરી છે જેને પંડિત રવિશંકર, અલી અકબરખાં, બુધ્ધદેવ દાસ ગુપ્તા અને ભીમસેન જોષી જેવી સિધ્ધહસ્ત પ્રતિભાઓ વખાણી ચુકયા છે.

વી.એસ.વડનેરકરે તેમની આ લિપિને સિરામિક ઉદ્યોગ દ્વારા જો ડિઝાઈન સ્વરૂપે સ્વીકારી સંગીત અને સિરામિકના નિષ્ણાતો જો સાથે મળીને તેને વિકસાવે તો ભારતીય સંસ્કૃતિને અમર કહી શકાય તેવો દાવો વ્યકત કર્યો છે. તેમનું કહેવું છે કે તાલીમ પામેલા તજજ્ઞો આ ડિઝાઈન બનાવશે અને તેનું ઉત્પાદન કરી 'આર્ટ પીસ' તરીકે તેને નાગરિકો ડ્રોઈંગ રૂમમાં સજાવી શકશે. આ પધ્ધતિ મુજબ ગુજરાતના ગરબાથી માંડીને નરસિંહ મેહતાના પ્રભાતિયા કે અવિનાશ વ્યાસના સંગીત સહિત આપણા સમૃધ્ધ ઐતિહાસિક વારસાને નવજીવન આપી શકાશે. વળી, નવી પેઢીને આ પધ્ધતિના કારણે વૈશ્વિક સંગીતને સમજવું પણ ખૂબ સરળ થઈ પડશે. 'મ્યુઝિક થ્રુ મોઝેક' કોન્સેપ્ટને વિકસાવવા માટે વિશ્વભરમાં ગુજરાત અગ્રેસર બની શકે છે જેના કારણે ગુજરાતના સિરામિક ઉદ્યોગને એક નવી જ દિશા પ્રાપ્ત થઈ શકે તેમ છે.

ચરેડી છાપરા પાસેથી તાડી વેચતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે ચરેડી છાપરા પાસે દરોડો પાડી તાડી વેચતા બે શખ્સોને પકડી પાડયા હતા. ચરેડી છાપરા પાસે તાડી વેચવા ઉભા રહી ગયેલા પુનમ ભીમા વણઝારા અને યુસુફસા જીવાસા ફકીર બંનેને એલસીબીની ટીમે પકડી પાડી બંનેની પાસેથી બબ્બે લીટર તાડી જપ્ત કરી લઈ સે-૨૧ પોલિસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિરવિદાય

- સ્વ. કમળાબા લાલસિંહ વાઘેલા,ઉ.વ. ૭૫
- સ્વ. ભીખાલાલ કસ્તુરભાઈ દરજી, ઉ.વ. ૭૨
- સ્વ. પુરુષોત્તમદાસ મોહનલાલ પટેલ, ઉ.વ. ૭૭
- સ્વ. ધનાજી મનસુખજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. મહેન્દ્રસિંહ જીલુજી બિહોલા, ઉ.વ. ૫૨
- સ્વ. મણાજી વરવાજી ઠાકોર, ઉ.વ. ૯૮
- સ્વ. મેલાભાઈ હનાભાઈ ભરવાડ, ઉ.વ. ૭૦